Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-2, September-2019
Impact Factor:4.081
www.researchguru.net

# અશોકપુરી ગોસ્વામીના ગઝલસંગ્રહ 'કલિંગ'માં તત્વચિંતન

**અભિષેકકુમાર બી. દરજી**

(આસિસ્ટન્ટ પ્રોફેસર સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ)

ગુજરાતી સાહિત્યમાં એક ખાસિયત રહી છે કે, જે તે યુગ કે સમયમાં જે-તે સાહિત્યસ્વરૂપને આગવી કલા અને સૌષ્ઠવ સાથે વિકસવાની તક મળી છે. જેમ કે, પંડિતયુગમાં ઊર્મિકાવ્ય અને સોનેટ, ગાંધીયુગમાં નવલકથા, અનુગાંધીયુગમાં ગીત, અનુઆધુનિક યુગમાં વાર્તા અને એ જ રીતે સાંપ્રત સમયમાં ગઝલના સ્વરૂપે ઘણો વેગ પકડયો છે. ગઝલને અનેક સ્તરે વિકસવાની અને વિલસવાની તક મળી છે. શરાબ, સાકી અને પ્યાલીમાંથી નીકળીને ગુજરાતી ગઝલે આધ્યાત્મ અને ચિંતનના વિશાળ આકાશમાં ઊંચી ઉડાન ભરી છે. આથી ગઝલના આ ભવ્ય વિકાસને ધ્યાનમાં લઇને રાજેશ વ્યાસ 'મિસ્કિન' અને અંતિક ત્રિવેદીના તંત્રીપણા હેઠળ 'ગઝલવિશ્વ' નામે ત્રિમાસિક શરૂ થાય છે, ને વાચકના મનમાં ને હૈયામાં ગઝલ વસી છે. આ સિલસિલાને જોતાં ભવિષ્યમાં સાંપ્રતયુગ ગઝલગુય તરીકે ઓળખાય તો નવાઇ નહીં.

છેલ્લા દાયકામાં અનેક સર્જકોએ ગઝલ સ્વરૂપ ઉપર પોતાનો હાથ અજમાવ્યો છે ને તેમાંથી ગુજરાતી સાહિત્યને અનેક શ્રેષ્ઠ ગઝલકારો પ્રાપ્ત થયો છે. જેમાંના એક ગઝલસ્વામી અશોકપુરી ગોસ્વામી છે. તેઓ 'અર્થાત્' (૧૯૯૦) અને 'કલિંગ' (૨૦૦૫) એમ બે ગઝલસંગ્રહ લઇને પોતાના આગવા મિજાજ સાથે ગઝલ ક્ષેત્રે પ્રવેશ કરે છે. ગઝલ પ્રત્યેના પ્રેમ અને ગઝલને જ શસ્ત્ર બનાવીને સામાને પડકારવાની અદા ધ્યાનપાત્ર છે.

ગઝલ પ્રત્યેનો આ પ્રેમ જ તેમની ગઝલ પત્યેની નિષ્ઠાની ઝાંખી કરાવે છે. આજથી બે હજારેક વર્ષે પૂર્વે અશોક સમ્રાટે કલિંગ જીત્યું ને પછી તેનામાં આવેલા પરિવર્તન, તેના મનમાં થયેલું મંથન, ચિંતન તેને ધર્મ તરફ વાળે છે. તો બીજા એટલે કે આજના અશોકને- અશોકપુરી ગોસ્વામીને પોતાની અંદર થતા મનોમંથન, ચિંતન ગઝલ તરફ વાળે છે. તેઓ પોતે જ આ મનોદશાને વ્યકત કરવા તેમના 'કલિંગ' ગઝલસંગ્રહની ગઝલના શેરોમાં લખે છે.

હે ગઝલ, કયાં કશુંય જીત્યું છે ? તોય કલિંગ જેવું વીત્યું છે.
(પૃ.૧૦૫)

'કલિંગ' ગઝલસંગ્રહની ગઝલોમાં ચિંતનનું તત્વ ઘણું ધ્યાનાકર્ષક છે. ગઝલકાર અશોકપુરીએ ગઝલસંગ્રહને અંતે ગઝલવિષયક ચર્ચા કરી છે, તેમાં ચિંતન અને જીવનદર્શન પર વિશેષ ભાર મૂકયો છે.

> "જીવન અને જગત વિશેનું એમાં
> ચિંતન/મનન, દર્શન હોય એમાં અધ્યાત્મ અને
> સંતપરંપરાનાં લક્ષણો જોવા મળે છે."

ને આ બાબતમાં વિશેષતઃ કલ્પનોના વિનિયોગ દ્વારા તેને આકર્ષક બનાવવાનો ઉપક્રમ જળવાયો છે. ગઝલમાં ચિંતન એ ગઝલકારના અનુભૂતિ- વિશ્વનો જ પડઘો છે. જીવાતા અને તે જીવનની આંટીઘૂટીને સમજવાની અને ભાવકને સમજાવવાની મથામણમાં પરિણમે છે. સાંપ્રત સમયના માનવના સાહસ અનેવિકાસની દોડને લક્ષ્યમાં લઇને 'કિનારા' અને મજધાર જેવાં કલ્પનોનો વિનિયોગ કરીને લખેલો શેર કેટલો આકર્ષક છે તે જુઓ, આ કિનારાથી મને સંતોષ કયાં છે ?

મન સતત મારું હવે મજધાર તાકે.(પૃ.૧, કલિંગ)

તો માનવી સતત અનેક રહસ્યોથી વિંટળાયેલો રહે છે. પરંતુ આ રહસ્યને પામવાની મથામણ કોણ કરી શકે! અને આ રહસ્યની શોધ કવિમાં દશ્યમાન થાય છે, મારી બેચેની પછડાતા ધોધમાં છે. જિંદગી જાણે કશાની શોધમાં છે.(પૃ.૫) અને આ શોધ ક્ષણિક નહીં પણ શાશ્વત છે. આગવી કોઠાસૂઝથી સ્વવિકાસ સાધી શકાય છે. સફળતાનાં ઉન્નત શિખરો સર કરી શકાય છે. તે જ વિચારને ઝાડના ઉદાહરણ દ્વારા કેટલી સરળતા મૂકી આપે છે તે જૂઓ,

આપમેળે ઊગે તે થરથરતું નથી.

ઝાડ પૂછી પૂછીને ઊછરતું નથી.(પૃ.૮)

આધુનિક માણસની ઔપચારિકતા પર કટાક્ષ કરવાની રીત પણ કેટલી નિરાળી છે.

આપણા હસ્તધૂનન કયાંથી સાર્થક બને હાથનું હૈત હૈયે પ્રસરતું નથી. (પૃ.૮)

જીવાતા જીવનમાં બનતા પ્રસંગો અને તેનાં તારણોને સાર્વત્રિકતાથી ગઝલમાં મૂકી આપવાની કવિની ઢબ અનોખી છે, સાવ અંધારામાં જ જોવાયું, કોઇ વખાણાયું, કો વગોવાયું. (પૃ.૧૪) આધુનિક મનુષ્યે બહોળો વિકાસ સાધ્યો છે, જ્ઞાનની સીમાઓને અનેક ગણી વિસ્તારી છે, પરંતુ તે પોતાના મનોજગતના કોચલામાં વધારે ને વધારે સંકુચિત થવા લાગ્યો છે. આવી સંકુચિતતાના ઓથાર હેઠળ વિકાસ નિરર્થક બની રહે છે. આ બાબત પર પ્રકાશ પાથરવા ગઝલકાર જણાવે છે કે,

સૌ સૌના પીંજરામાં સૌ જાતે કેદ છે, ખુલ્લું કે
બંધ બારણું રાખ્યાનો અર્થ શું?(પૃ.૧૫)

માણસ પળે પળે રૂખ બદલતો જોવા મળે છે, પરંતુ ગઝલકાર તો અંતરઆત્માને બદલવાની ઝંખના કરે છે. માનવની ભીતરમાં પડેલાં દુરિત તત્વોને ત્યાગવાની ઝંખના કરે છે. ને આથી જ અસંતોષપૂર્વક માનવીના દંભ પર કટાક્ષ કરતાં લખે છે,

ત્યાગી શકે તો ત્યાગ તું અંદરના ઝેરને, આ સાવ
ખાલી કાંચળી ત્યાગનો અર્થ શુ? (પૃ.૧૫)

આમ, અંતરની બૂરાઇઓને મા’ત કરવી એ જ દિવ્ય જીવનની સાર્થકતા છે, એમ તેઓ જણાવે છે, ને જીવનની સાર્થકતાને સિધ્ધ કરવાને બદલે જીવનેતર પ્રવૃતિઓ તરફ વધારે ધ્યાન આપે છે. તેથી ગઝલકાર જણાવે છે કે,

જીવન માટે એણે મોકલ્યા,

ને જગત અહીંયા બધું નાટક કરે.( પૃ.૧૬)

હસતાં હસતાં જીવનનાં દુ:ખદર્દને સહન કરવું બલ્કે હળવું કરવું એ સમજદારી અને જીવન જીવવાની આવડતની નિશાની છે. તેને સમજાવતાં તેઓ લખે છે ,

હું હસી નાખું હવે હર વાતને, દર્દની કેવી દવા અકસીર છે?
(પૃ.૧૯)

ઇશ્વરની હયાતી એ શ્રધ્ધાનો વિષય છે. અડગ શ્રધ્ધાવાન વ્યકિત ચોતરફ ઇશ્વરના દર્શન કરી શકે છે, ને આ ઇશ્વર પ્રત્યેની શ્રધ્ધામાં કયારેય પુરાવાની જરૂર હોતી નથી. જે આ જ વિષયની કવિ સરળ શબ્દોમાં ઇશ્વરનો ઉલ્લેખ કર્યા વિના જ, ને છતાં પણ અર્થને હાનિ કર્યા વિના સરળતાથી જણાવે છે, તે જુઓ,

આપણી વચ્ચે જડે છે,માત્ર ઓળખવો પડે છે. (પૃ.૨૧)

જયારે વ્યકિત અંતરના અવાજને સાંભળી લે છે, પોતાના સાચા સ્વરૂપના દર્શન કરી લે છે. પછી તેને બાહ્ય અવાજો અને આવરણોની જરૂર રહેતી નથી. આવા બાહ્ય આવરણો અને અવાજો વ્યકિતને સ્થૂળ લાગે છે. આ મર્મને સમજાવાતાં કવિ લખે છે,

પ્રતિબિંબ મારી જાતનાં જોયાં છે જયારથી, આંખોથી અંધ
છું અને કાને બધિર છું.(પૃ.૨૪)

સહજથી દેવાયેલ વ્યકિતને ડર નથી લાગતો તેવી સરળ બાબતને કવિ સરળતાથી જ આલેખે છે,

ઊછળે મોજા ને દરિયો ધૂધવે છે,

એ બધુ કયાં ખરવાને મૂંઝવે છે?(પૃ.૨૬)

કવિ અશોકપુરી પોતાની ગઝલમાં પ્રણયનું ચિંતન ઘણું ગહન કરે છે, ને એ ગહનતાને ઘણા જ સરળ શબ્દોમાં ઢાળવાની કવિની કલા જ આગવી સૌંદર્યસૂઝનાં દર્શન કરાવ છે,

માછલી થઇને કહે છે હઠ ન છોડું.નિર્જળા થાતી નદીનો પટ ન છોડું. (પૃ.૨૭)

જીવનમાં એવો સમય પણ આવતો હોય છે કે જયારે વ્યકિતને પોતાનું જીવન શૂન્યતામાં પરિણમતુ લાગે, તેને ખાલીપણાનો અનુભવ થાયય અને આ ખાલીપણું અસલમાં ઘણું વજનદાર હોય છે. હેમિંગ્વેએ આવા ખાલીપણાના કારણુ જ આત્મહત્યા કરી હતી. આ ખાલીપણાની વાત રસાળ શૈલીમાં કવિએ કરે છે,

ખાલીપણાનો ભાર વજનદાર હોય છે. ખાલીપણાના સાર જેવું જાતમાં હોય છે. (પૃ.૪૯)

વિશ્વમા માત્ર ટોચ અને ઊંચાઇ જ સર્વસ્વ છે. એમ માનવામાં કોઇ તથ્ય નથી, નિમ્ન કક્ષાએ પણ પરાકાષ્ઠાનો અનુભવ થઇ શકે છે. તેની સમજ આપતા કવિ જણાવે છે કે,

સદભાગી છું, હે ટોચ, ઊંચાઇ તને મળી, તારામાં જે નથી તે બધું ખાણમાં હતું. (પૃ.૪૯)

કવિ વ્યકિતની માનસિક પરિસ્થિતિ પ્રત્યે પણ એટલો જ સભાન છે, અને તને તેઓ પોતાના શેરમાં નિરૂપે છે,

ત્યાં જ જળ તરસ્યો કહે, તૃપ્ત કહે : ના ઝાંઝવા છે. (પૃ.૫૨)

અહીં તરસ્યાનો આશાવાદ અને તૃપ્ત વ્યકિતને તૃપ્તને માનસિક સ્તરે તપસ્યા છે. સંસારમાં ચાલતા પાખંડની સામે તીર તાકવાનું કવિ ચૂકતા નથી, જુઓ ઘ્યાનને નામે ઊંઘી ગયા. અરે આવું આવું ઘણુ થાય છે. (પૃ.૬૧)

માણસ ગમે તેટલો વિદ્વાન હોય, ગમે તેટલો પંડિત હોય પરંતું તે પ્રેમના અઢી અક્ષરથી અજાણ હોય તો તેનું પંડિત્વ અને વિદ્વતા નકામાં જ છે. કબીરે પણ કહયું છે ‘ઢાઇ અક્ષર પેમકા પઢે સો પંડીત હોય.’ને તેનો જ પડઘો નીચેના શેરમાં જોવા મળે છે. તું ભણ્યો પણ તું ય અભ્ભણનો અભણ, લખ હવે અક્ષર અઢી એણે કહયું.(પૃ.૬૩) જયારે માણસ પાસે ઘણી સંપત્તિ હોય પરંતુ તે પર માટે કશા કામની ન હોય તો તે સર્વે નકામી જ બનતી હોય છે. આ તથ્યને સમજાવતાં તે લીલા વૃક્ષનું ઉદાહરણ આપે છે, તું ઝાડ લીલું હોય તોય અર્થ શું કહે, બળબળતા જણને છાંય તમારી સાંપડે નહીં.(પૃ.૬૫) જે મનુષ્યે ઈશ્વર અને આત્મા તથા પરમાત્માનાં રહસ્યોને પામી લીધાં પછી એને કાશી અને મકકા જવાની જરૂર રહેતી નથી. એના માટે સૃષ્ટિની તમામ જગ્યાઓ કાશી ને મકકા જ હોય છે. દુનિયા ઘણાં દુ:ખોથી ભરેલી હોય છે ને આ જ સત્યને તેઓ કેવા ઇશારાથી સમજાવે છે તે જુઓ, કેટલું છે અર્થસૂચક, બાળ જન્મીને રડયું છે. (પૃ.૬૯) જીવન જીવવાની પણ એક કળા હોય છે. જે આ કળાથી જીવી જાણે છે તેના

મૃત્યુ પછી પણ તે લોકોના હૈયામાં જીવતો રહે છે. ને તેથી જ કવિ લખે છે, એ મરી જીવી થશે, જેને જીવવાની ચીવટ. (પૃ.૮૦) જગતમાં ઈશ્વર એ સર્વ વ્યાપ્ત છે.તે જ આ સંસારને ઘડે છે અને તે જ સંસારનો લય કરે છે. વિશ્વની તમામ ઘટનાઓ તેના થકી જ હોય છે.ઇશ્વરના આ માહાત્મ્યને દર્શાવવા માટે કવિ જણાવે છે કે, તેં જ ભાંગી ઘડી તેં જ સરજી છે.આ જગત માત્ર તારી જ મરજી છે. (પૃ.૮૨) માણસની હયાતી શા માટે ? એ ગૂઢ રહસ્યને પામવું ઘણું અઘરૂં છે, ને તે જ રહસ્ય ને પ્રશ્નાર્થ રૂપે રજૂ કરતાં કવિ કહે છે કે,

સોચ કારણ તું તારા હોવાનું,અહીં હું પામવું શું ખોવાનું ? (પૃ.૮૩)

ઇશ્વર કે અલ્લાહ એ માત્ર મંદિર કે મસ્જિદમાં છે એ માનવું મૂર્ખામીભર્યું છે. ઇશ્વર તો માનવીના અંતરમાં છે. હૈયા થકી કરેલી બંદગી કે પ્રાર્થના ઇશ્વર સુધી પહોંચે છે તે માટે મંદિર કે મસ્જિદમાં જવાની જરૂર નથી, આથી જ કવિ જણાવે છે કે,

નથી છેક મસ્જિદ સુધી એ ગયો, છતાં પણ કબૂલાત છે બંદગી. (પૃ.૮૫)

માણસ સંસારમાં જે કંઇ પ્રાપ્ત કરે છે તે ઇશ્વર જ તેને આપે છે.તેથી જ કવિ તેને જણાવે છે, માત્ર મારો ગણું તો આ ખોલો એ જ આપે ને અપાવે છે. (પૃ.૮૬)

સફળતાના શિખરને સર કરવા માટે વ્યકિતનું સપનું મજબૂત જોઇએ કેમ કે ' અડગ મનના માનવીને હિમાલય પણ નથી નડતો'. આથી જ કવિ જણાવે છે, મનસૂબા તું સાબૂત રાખ,હોય ભલે ને ઊંચા કોટ. (પૃ.૮૭)

તકલાદી થઇ જીવનમાં માણસને ગજવેલ થવાની કવિની વાત હદયને સ્પર્શી જાય તેમ છે, તકલાદી થઇ બહૌત જીવ્યો બસ,

અસલ હવે ગજવેલ થઇ જા. (પૃ.૮૯)

વિશ્વમાં રહેલી સાપેક્ષતા અને વિરોધાભાસને સંદર રીતે કવિ નિરૂપે છે. સાવ પડખે ખાઇ છે. તેથી આ ઊંચાઇ છે. (પૃ.૯૦)

દરેક મનુષ્યમાં પ્રેમનું બીજ પ્રથમથી જ પડેલું હોય છે, માત્ર તેનું અંકુરણ વ્યકિતનાવ્યકિતત્વને સુવાસિત બનાવી દે .જગતના કોઇ પણ અસ્તિત્વને પામવા માટે પ્રથમ શરત એ છે કે તેને પ્રમમાં પડવું પડે છે, પછી પમાય છે.સંસારના આ સનાતન આ સનાતન સત્યને કવિ સરળતાથી ખોલી આપે છે. તો તને હું પછી તો જડું જ પણ નહીં, તું કદી પ્રેમમાં પડે પણ નહીં. (પૃ.૯૧)

મનુષ્ય આ જગતમાં અવતરે છે ત્યારથી જ જગતનાં તમામ સુખ અને દુઃખ તેને ધરી વળે છે. મનુષ્યે આ તમામ દુઃખ અને સુખમાંથી પાર ઊતરવાની તૈયારી રાખવાની છે. જીવન જો ઝેર છે તો એને પીવાની તૈયારીપણ વ્યકિતએ રાખવાની છે.ને આ જ હકીકત કેટલાંક કલ્પન અને પ્રતીબ દ્વારા સમજાવી છે, અહીં જળ છે, જળમાં ઊતરવાનું પણ છે. અને સાવ કોરા નીકળવાનું પણ છે. (પૃ.૯૬) આમ, 'કલિંગ'ની ગઝલોમાં નિરૂપાતું ચિંતન એ અધ્યાત્મનાવિષયને સવિશેષ રીતે રજૂ કરે છે, તો જિવાતા વનનો મર્મ તથા તથ્યને ખોલી આપવાનું કાર્ય ધ્યાન ખેંચે છે, ને આ બંને મહત્વના વિષયમાં કવિ અશોકપુરીનો આગવો દષ્ટિકોણ વિલક્ષણ છે. જ્યારે ગુજરાતી સાહિત્યમાં ગઝલ આધ્યાત્મના અનેક નવા શિખરો સર કરી રહી છે, ત્યારે તેમાં અશોકપુરી ગોસ્વામીનો ફાળો ઘણો જ નોંધનીય છે.